E-JOURNAL (HISTORY)
SINCE 2019
E - ISSN : 2582-046X
Vol. 05, Issue 02, April - June, 2023
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X, Impact Factor SJIF 2021 : 4.022, Research bib 2022 : 6.010
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

# ગુજરાત વિદ્યાસભાની સ્થાપના અને તેનો વિકાસ

**ડો. હેતલ ગીરીશભાઈ વાઘેલા;** ઈતિહાસ વિભાગ સંશોધક,

Email : hetalvaghela6666@gmail.com

***ABSTRACT :***
*ગુજરાતના સાહિત્ય તથા સંસ્કારના વિકાસને વરેલી દોઢ સદીથી વધુ જૂની સંસ્થા એટલે ગુજરાત વિદ્યાસભા. એલેકઝાન્ડર કિન્લૉક ફોર્બ્સે 26 ડિસેમ્બર, 1848 ના રોજ ગુજરાતી લેખક દલપતરામ સાથે મળી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના કરી હતી. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી એ નક્કી કરેલા કાર્યક્રમો અમલમાં આવે તે માટે વિદ્યા અને સંસ્કારની પરબ જેવી અનેક સંસ્થાઓ સ્થાપી હતી. ગુજરાતનું પહેલવહેલું 'બરતમાન' સાપ્તાહિક ગુ.વ. સોસાયટીએ ઈ.સ. 1849 માં શરૂ કર્યું. ઈ.સ. 1949માં 'નેટીવ લાઈબ્રેરી' ની પણ સ્થાપના કરી. સોસાયટીએ 15 મે, ઈ.સ. 1850 માં "બુદ્ધિપ્રકાશ" નામનું ચોપાનિયું પ્રગટ કર્યું. જે સામયિક રૂપે ઈ.સ. 1854માં પ્રકાશિત થયું. ફાર્બ્સની ઈચ્છાથી કવિ દલપતરામે સોસાયટીમાં સહાયક મંત્રી તરીકે નોકરી સ્વીકારીને 'બુદ્ધિપ્રકાશ' નું તંત્રીપદ સંભાળ્યું. ત્યાર બાદ સ્ત્રી કેળવણી માટે કન્યા શાળાઓની સ્થાપના, લલિતકળાઓ-નાટકો જેવી પ્રવૃતીઓથી સમાજમાં ચેતના વગેરે કામો કરવામાં આવેલ તેને પ્રકાશિત કરવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.*

***Key words:*** *ગુજરાત વિદ્યાસભા, સ્થાપના, વિકાસ, લલિતકળાઓ-નાટકો, લેખન કાર્ય*

ગુજરાતના સાહિત્ય તથા સંસ્કારના વિકાસને વરેલી દોઢ સદીથી વધુ જૂની સંસ્થા ગુજરાત વિદ્યાસભા છે.

ઇ.સ. 1846 માં એલેક્ઝાન્ડર કિન્નલોક ફોર્બ્સ આસિસ્ટન્ટ જજ નિમાઈ અમદાવાદ માં આવ્યા હતા. ઇતિહાસમાં તેમને જીવંત રસ હતો. જુના ઇતિહાસ અને સાહિત્યના લખાણો અને સાધનો કોઈ એક સ્થાને સાચવી-જાળવી શકાય તો ઇતિહાસલેખન માટે એક સુવિધા ઉભી થાય. આ શુભ આશયથી પ્રેરાઈને એમણે 26 ડિસેમ્બર, 1848ના રોજ ગુજરાતી લેખક દલપતરામ સાથે મળી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના કરી હતી.

'ગુજરાતી ભાષા-સાહિત્યનો ઉત્કર્ષ કરવો, ઉપયોગી જ્ઞાનનો પ્રચાર કરવો અને સામાન્ય રીતે કેળવણીની વૃદ્ધિ કરવી' એ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઉદ્દેશ હતો.

આ ઉદ્દેશ ચરિતાર્થ કરવા માટે વર્તમાનપત્રનું પ્રકાશન, પુસ્તકાલયની સ્થાપના, કન્યા શાળાની સ્થાપના, બુદ્ધિપ્રકાશ સામાયિકનું પ્રકાશન, હસ્તપ્રતોનો સંગ્રહ વગેરે કાર્યક્રમો નક્કી કરવામાં આવ્યા હતા. આ બધા કાર્યક્રમોના આયોજન માટે ફોર્બ્સના અથાગ ઉત્સાહ અને પ્રયત્ન હતા. એમની

સાથે એ સમયે બધા સભ્યો અંગ્રેજો હતા. છેક ઇ.સ. 1852 માં એક ગુજરાતી ગૃહસ્થ તરીકે ઇંગ્લિશ સ્કૂલના હેડમાસ્તર ભોગીલાલ પ્રાણવલ્લભદાસનું નામ મળે છે.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ નક્કી કરેલા કાર્યક્રમો અમલમાં આવે તે માટે વિદ્યા અને સંસ્કારની પરબ જેવી અનેક સંસ્થાઓ સ્થાપી હતી. ગુજરાતનું પહેલવહેલું 'બરતમાન' સાપ્તાહિક સોસાયટી દ્વારા ઈ.સ. 1849 માં શરૂ થયું. તે દર બુધવારે પ્રગટ થતું હતું, તેથી લોકો તેને 'બુધવારિયું' તરીકે પણ ઓળખતા હતા. પ્રજાને બહારની દુનિયાની જાણકારી મળે, લોકમત વ્યક્ત થાય અને પ્રજામાં વાંચનનો શોખ વધે એવો હેતુ સાધવામાં આ વર્તમાનપત્ર સફળ થયું હતું.

એ જ પ્રમાણે સોસાયટીએ ઇ.સ. 1849 માં 'નેટિવ લાઇબ્રેરી' ની સ્થાપના પણ કરી. અલબત્ત એમાં અંગ્રેજી પુસ્તકો વધારે હતા અને અંગ્રેજી સભાસદો જ મુખ્યત્વે આ પુસ્તકાલયનો લાભ મેળવતા હતા. આ નેટિવ લાઇબ્રેરી ઈ.સ. 1857માં હિમાભાઈ ઇન્સ્ટિટયૂટમાં ફેરવાઈ ગઈ. એ પુસ્તકાલયનું મકાન બાંધવામાં નગરશેઠ હિમાભાઈએ મોટી રકમનું દાન આપ્યું હતું.

સોસાયટી સ્થપાઈ એ અરસામાં વિદ્યાભ્યાસ માટે અનેક મંડળ સ્થપાયા હતા. એમાં 'બુદ્ધિપ્રકાશ' નામના એક મંડળે ઇ.સ. 1850 માં 15 મે ના રોજ 'બુદ્ધિપ્રકાશ' નામનું ચોપાનીયું પ્રગટ કર્યું પણ તે દોઢેક વર્ષમાં બંધ પડ્યું. એની કિંમત દોઢ આનો હતી. એ પખવાડિક હતું અને લિથોમાં છપાતું હતું. એ સામયિક ફરી વાર માસિક રૂપે ઈ.સ. 1854માં બીજા એક મંડળ દ્વારા પ્રકાશિત થવા માંડ્યું હતું. એનો પહેલો અંક એપ્રિલમાં બહાર પડ્યો હતો. આ માસિકનું સંચાલન ટૂંક સમયમાં જ સોસાયટીને ઉપાડી લેવાની ફરજ પડી અને તેનું સંપાદન કાર્ય સહાયક મંત્રી હીરાલાલ મોહનલાલને સોપાયું. એ પછી થોડો વખત ' બુદ્ધિપ્રકાશ 'નું સંપાદન પ્રસિદ્ધ ઇતિહાસલેખક મગનલાલ વખતચંદે સંભાળી લીધું. છેવટે ફોર્બ્સની ઈચ્છાથી કવિ દલપતરામે સોસાયટીમાં સહાયક મંત્રી તરીકે નોકરી સ્વીકારીને બુદ્ધિપ્રકાશનું તંત્રીપદ સંભાળ્યું હતું. સાહિત્ય અને સંસ્કારના માસિક તરીકે ગુજરાતના પ્રજાજીવનમાં તેણે પોતાની આગવી ભાત પાડી છે અને ઉમાશંકર જોશી જેવા ગુજરાતના નામાંકિત વિદ્વાનોએ આ માસિકનું તંત્રીપદ શોભાવીને એની પ્રતિષ્ઠા વધારી છે ત્યારપછી એનું સંપાદનકાર્ય મધુસૂદન પારેખ અને રમેશ શાહે સંભાળ્યું હતું.

ગુજરાતમાં પહેલવહેલી કન્યાશાળા સ્થાપવાનો યશ પણ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને ફાળે જાય છે. આમ સ્ત્રી કેળવણીને ઉત્તેજન આપવાનો પાયો ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ નાખ્યો. ગુજરાતી ભાષાનો ઉત્કર્ષ થાય એવો હેતુ સોસાયટીએ પ્રથમથી જ રાખેલો હોવાથી ગ્રંથપ્રકાશન એ પણ એની મહત્વની પ્રવૃત્તિ બની રહી હતી. જુદા જુદા વિષયના નિષ્ણાંતોને આમંત્રણ આપીને સોસાયટીએ તેમની પાસે ગુજરાતીમાં માનવવિદ્યાઓ અને સામાજિક વિદ્યાઓ ઉપરાંત વિજ્ઞાનના પુસ્તકો પણ તૈયાર કરાવ્યા હતા. ઉપરાંત અંગ્રેજી ભાષામાંથી કેટલાયે શિષ્ટ અને સમાજોપયોગી

ગ્રંથોના અનુવાદો પણ તૈયાર કરાવ્યા હતા. આવા પ્રકાશનોની સંખ્યા દોઢેક હજારની આસપાસની ગણી શકાય.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી માટે એક ગૌરવની ઘટના કહેવાય કે ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા પછી અમદાવાદમાં વસવાટ દરમિયાન 'પેટવડિયે કામ કરનારા શિક્ષક' તરીકે સોસાયટીના આજીવન સભ્ય થવા માટે રકમ મોકલી હતી પણ સોસાયટીએ વિનયપૂર્વક તેનો અસ્વીકાર કરી તેમને માનાર્હ સભ્યપદ આપ્યું હતું.

ગુજરાતના સુપ્રસિદ્ધ સાક્ષરો, વિદ્વાનોને જાહેર જીવનના અગ્રણીઓએ સોસાયટીના પ્રમુખ તેમજ માનાર્હ મંત્રીઓ તરીકે અમૂલ્ય સેવા આપીને સોસાયટીની વિદ્યાકીય , સામાજિક અને સાંસ્કારિક પ્રવૃત્તિને વેગવાન બનાવી. એમાં ઍલેક્ઝાન્ડર ફોર્બ્સ જેવા સંનિષ્ઠ અને ગુજરાતપ્રેમી અંગ્રેજથી માંડીને પ્રેમાભાઈ હિમાભાઈ, બેચરદાસ લશ્કરી, રણછોડલાલ છોટાલાલ, લાલશંકર ત્રવાડી, ભાઈશંકર સોલીસીટર, કેશવ હર્ષદ ધ્રુવ, અંબાલાલ સાકરલાલ દેસાઈ, આનંદશંકર ધ્રુવ , રમણભાઈ નીલકંઠ , વિદ્યાગોરી નીલકંઠ અને ગણેશ વાસુદેવ માવળંકર, ચિનુભાઈ શેઠની સેવા સવિશેષ ઉલ્લેખપાત્ર છે. આ સર્વ મહાનુભાવોએ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને ગુજરાતની એક અગ્રગણ્ય સંસ્થા તરીકે સિદ્ધિ મેળવી આપી છે. દલપતરામ પછી હીરાલાલ પારેખ અને જેઠાલાલ ગાંધી જેવા આજીવન સેવકો મળ્યા તે પણ સોસાયટીનું સદભાગ્ય ગણાય. આ સોસાયટીના આશરે સવાસો જેટલા ટ્રસ્ટો છે. બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ દ્વારા હ.કા. આર્ટસ અને હ.કા. કોમર્સ એમ બે કોલેજોનું અને એક સંસ્કૃત પાઠશાળાનું સંચાલન કરવામાં આવે છે.

ઈ.સ. 1939 માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના પ્રમુખ આચાર્ય આનંદશંકર ધ્રુવે અનુસ્નાતક શિક્ષણ અને સંશોધનના વિભાગ માટે આયોજન કર્યું અને શેઠ ભોળાભાઈ જેશિંગભાઇ તરફથી રૂપિયા બે લાખનું દાન આપવામાં આવ્યું અને આ સંસ્થા ઈ.સ. 1946 થી શેઠ ભોળાભાઈ જેશિંગભાઇ અધ્યયન અને સંશોધન વિદ્યાભવન રૂપે ચાલુ છે આ સંસ્થાના અધ્યક્ષ તરીકે રસિકલાલ પરીખે જીવનભર સેવા આપી , અને એ સંસ્થામાં માત્ર ગુજરાતમાં જ નહીં પણ ગુજરાતની બહાર પણ પ્રતિષ્ઠા પામી ચૂકેલા વિવિધ ભાષાઓના વિદ્વાનોએ પણ અધ્યાપનકાર્ય કર્યું છે. આ સંસ્થા દ્વારા શ્રીમદ્ ભાગવત પુરાણની સમીક્ષિત આવૃત્તિ પ્રકાશિત કરવાની યોજના ગુજરાત સરકારની આર્થિક સહાયથી હાથ ધરવામાં આવી છે. આ સંસ્થા તરફથી 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' નવ ગ્રંથોમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે. સંસ્થામાં 70,000 અમૂલ્ય ગ્રંથો ધરાવતું ગ્રંથાલય તેમજ પુરાતન અવશેષોથી સમૃદ્ધ મ્યુઝિયમ છે. ઇ.સ. 1984 થી આ સંસ્થા તરફથી 'સામીપ્ય' નામનું સંશોધન ત્રિમાસિક પ્રગટ થાય છે.

ફોર્બ્સે સ્થાપેલી 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' ઈ.સ. 1946 થી 'ગુજરાત વિદ્યાસભા' નામથી ઓળખાતી રહી છે. ઇ.સ. 1948 માં એ સંસ્થાનો શતાબ્દી મહોત્સવ પંડિત જવાહરલાલ નહેરુના પ્રમુખપદે ઉજવાયો હતો.

ગુજરાત વિદ્યાસભા આજે તો એક વટવૃક્ષની જેમ ફૂલીફાલી છે અને એની વિદ્યાકીય તેમજ સાંસ્કારિક પ્રવૃત્તિઓ સતત વિકાસતી રહી છે. વિદ્યાસભાએ શિક્ષણ-સાહિત્યની પ્રવૃત્તિઓ ઉપરાંત લલિતકળાઓ-નાટકો દ્વારા પણ સામાજિક ચેતનાને ઢંઢોળવાની સેવા બજાવી છે. પત્રકારત્વના વર્ગો પણ સુપેરે ચલાવ્યા છે. ગુજરાત વિદ્યાસભાના પ્રમુખ તરીકે ઈ.સ. 2009માં જાણીતા આર્કિટેક્ટ બાલકૃષ્ણ દોશી હતા.[1]

## * ગુજરાત વિદ્યાસભાના સંસ્થાપકો :

ગુજરાત વિદ્યાસભાના સદભાગ્યે તેની શરૂઆત (1848) થી આજદિન સુધી તેને ઉચ્ચકોટીના સંસ્થાપકો મળતા રહ્યા છે. તેમાં એ.કે. ફોર્બ્સ, જ્યોર્જ ફૂલજેમ્સ, ટી.બી. કર્ટીસ, નગરશેઠ પ્રેમાભાઈ હિમાભાઇ, મહીપતરામ રૂપરામ, ભોળાનાથ સારાભાઈ, ભોગીલાલ પ્રાણ વલ્લભદાસ ,કવિ દલપતરામ જેવા આદ્યસ્થાપકોથી શરૂ કરીને અંબાલાલ સાકરલાલ દેસાઈ, રમણભાઈ નીલકંઠ, હરિલાલ હર્ષદરાય ધ્રુવ, કેશવરાય હર્ષદરાય ધ્રુવ , વિદ્યાબહેન નીલકંઠ, હીરાલાલ પારેખ , ગણેશ વાસુદેવ માવલંકર અને ચિનુભાઈ ચીમનલાલ જેવા તેજસ્વી સ્ત્રી- પુરુષોનો સમાવેશ થાય છે.

કોઈપણ સંસ્થા આપોઆપ સ્વયંભૂ રીતે સ્થપાતી નથી. તેની સ્થાપનામાં દીર્ઘદૃષ્ટિ વાળા નેતાઓ અને પાયાના કાર્યકરોની જરૂર પડે છે. વળી, જો કોઈપણ સંસ્થા સમય અને સંજોગોને પારખીને તેના બંધારણ અને રીતીનીતિમાં ફેરફાર ના કરે ત્યાં સુધી તે સાચા અર્થમાં વિકસતી નથી. આવા વ્યાપક અભિગમને લક્ષમાં લઈને વિદ્યાસભાના કેટલાક નમૂનારૂપ ઘડવૈયાઓની અહીં ચર્ચા કરવામાં આવી છે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને વિશે વિચાર કરનાર સૌપ્રથમ અંગ્રેજ અમલદાર અને વિદ્વાન એ.કે. ફોર્બ્સ હતા; જેમને દલપતરામે "ફાર્બસ સાહેબ" ના હુલામણા નામથી લોકપ્રિય બનાવ્યા છે.

## 1. એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સ (1821-1865) :

એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સનો જન્મ ઇંગ્લેન્ડના પાટનગર લંડનમાં 7 જુલાઈ, 1821 માં થયો હતો. તેમની ઈચ્છા તો શિલ્પશાસ્ત્રી થવાની હતી, પરંતુ નસીબ તેમને હિંદમાં લઈ આવ્યું. તેઓ ઇસ્ટ ઇન્ડિયા કંપનીની સનદી નોકરીમાં જોડાયા અને સૌપ્રથમ તેમણે મહારાષ્ટ્રમાં અહમદનગરના કલેક્ટર તરીકે ડિસેમ્બર 1843 માં કામગીરી શરૂ કરી; ત્યારબાદ તેમની બદલી 1846 માં અમદાવાદમાં આસિસ્ટન્ટ જજ તરીકે થઈ. તે વખતે તેમણે વિચાર કર્યો કે "જેવી રીતે કર્નલ જેમ્સ ટોડે સંશોધન કરીને રાજસ્થાનનો ઇતિહાસ લખ્યો છે. તેવી રીતે હું ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ કેમ ન લખી શકું

? ગુજરાતમાં તે ઢગલેબંધ અપ્રસિદ્ધ ગ્રંથો ઉપલબ્ધ છે તેનો ઉપયોગ કરીને જો હું ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ લખું તો તે ગુજરાતની પ્રજા માટે ઘણો ઉપયોગી થઈ પડશે."

ફાર્બર્સે પોતાનો આ વિચાર ફૂલજેમ્સ અને ટી.બી. કર્ટિસ જેવા અંગ્રેજોને કહ્યો અને તેની સાથે તેમણે નગરશેઠ પ્રેમાભાઈ હિમાભાઈ અને મગનભાઈ કરમચંદ જેવા શેઠીયા તેમજ ભોગીલાલ પ્રાણવલ્લભદાસ, ભોળાનાથ સારાભાઈ અને મહિપતરામ રૂપરામ જેવા સમર્થ ગુજરાતી સમાજસુધારકોને આ વાત કરી. સૌએ ફોર્બ્સની આ વાતને વધાવી લીધી. વળી ફોર્બ્સની વિનંતીને માન આપીને અમદાવાદના શાહુકારો અને સમાજસુધારકોએ કવિ દલપતરામને વઢવાણથી અમદાવાદ બોલાવી લીધા અને આ રીતે ગુજરાત વિદ્યાસભાની સ્થાપના થઈ. ફાર્બ્સ સોસાયટીના સૌપ્રથમ પ્રમુખ હતા.

ફોર્બ્સ માત્ર અમલદાર જ નહીં, તેઓ એક વિદ્વાન પણ હતા અને ગુજરાતની પ્રજા પ્રત્યે તેમને ઘણો લગાવ હતો. આવા કારણોસર તેમણે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઉદ્દેશ નીચે પ્રમાણે ઠરાવ્યો હતો:

(1) ગુજરાતી ભાષા અને સાહિત્યનો ઉત્કર્ષ કરવો, ઉપયોગી જ્ઞાનનો પ્રચાર કરવો અને કેળવણીની વૃદ્ધિ કરવી.
(2) પ્રજાની જાગૃતિ અને માહિતી માટે વર્તમાનપત્રની શરૂઆત કરવી.
(3) ગ્રંથાલયની સ્થાપના કરવી.
(4) શાળાઓની સ્થાપના કરવી.
(5) જુના ગ્રંથો અને હસ્તપ્રતોનો સંગ્રહ કરવો.
(6) શાળાપયોગી પુસ્તકોનું પ્રકાશન કરવું.
(7) શાળાઓમાં ભણતા છોકરા અને છોકરીઓને ઉત્તેજન મળે તે માટે ઈનામો આપવા.

1857-58 માં કંપનીના શાસન સમયે સમગ્ર દેશમાં મહાન વિપ્લવ ફાટી નીકળ્યો હતો. તે સમયે અંગ્રેજોએ હિન્દીઓ પ્રત્યે વેરની ભાવના રાખી હતી. અને કેટલાય બળવાખોરોને કંપનીએ ફાંસીને માચડે લટકાવી દીધા હતા. આવા સંજોગોમાં પણ ફોર્બ્સે તેમનું સમતોલપણું ગુમાવ્યું ન હતું. તેમણે ગુજરાતી પ્રજા ઉપર પ્રેમભાવ ચાલુ જ રાખ્યો હતો. તેમની સુરત અને મુંબઈ જેવા શહેરોમાં બદલીઓ થવા છતાં એમણે સોસાયટીનું હિત હંમેશા તેમના મન અને હૃદયમાં કોતરી રાખ્યું હતું. આવા કારણોસર જ્યારે પુના ખાતે 31 ઓગસ્ટ, 1865 ના રોજ તેમનું અવસાન થયું ત્યારે માત્ર અમદાવાદે જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતે શોક પ્રગટ કર્યો હતો. કવિ દલપતરામે તો તેમને અંજલિ આપતા "ફાર્બ્સ વિરહ" નામની લેખવાળા "બુદ્ધિપ્રકાશ" માં શરૂ કરી હતી.

Vol. 05, Issue 02, April - June, 2023
ISSN (Online) No. 2582 – 046X, Impact Factor SJIF 2021 : 4.022, Research bib 2022 : 6.010
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com
E-JOURNAL (HISTORY) SINCE 2019 E - ISSN : 2582-046X

અત્રે એ નોધવું જોઈએ કે આવા ગુણાનુરાગી, વિદ્યારસિક, સાહિત્યપ્રેમી અંગ્રેજ વિશે અત્રે જેટલું નોધીએ એટલું ઓછું છે , પરંતુ સ્થળ સંકોચવશ સંક્ષિપ્તમાં એક ઝલક માત્ર આપી આગળ વધતા એટલું જરૂર કહીશ કે શ્રી એ.કે. ફોર્બ્સ સાચા અર્થમાં ગુજરાત વિદ્યાસભાના સ્થાપક અને સંવર્ધક હતા અને ગુજરાત આ બાબતે એમને ક્યારેય વિસરશે નહીં.

## 2. કવિ દલપતરામ (1820-1898) :

કવિ દલપતરામ (1820-1898) ને તો ચી.ના. પટેલે ગાંધીજીના પુરોગામી તરીકે બિરદાવ્યા છે. તેઓ 1 નવેમ્બર, 1848 ના રોજ ફાર્બ્સ ને મળ્યા અને જીવનપર્યંત તેમને તથા ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને વફાદાર રહ્યા. તેઓ ગુજરાતી પ્રજાના સાચા સેવક હતા.

દલપતરામ નો જન્મ 24 જાન્યુઆરી, 1820 ના રોજ વઢવાણમાં થયો હતો. દલપતરામ સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રશસ્તિઓ લખતા તેમજ સૌરાષ્ટ્રના રાજા-મહારાજાઓને રિઝવવા દરબારમાં જતા. તે દરમિયાન તેઓ અવારનવાર અમદાવાદની મુલાકાત લેતા અને કાળુપુરમાં આવેલા સ્વામિનારાયણ મંદિરમાં રહેતા. જ્યારે ફાર્બ્સને કોઈ ગુરૂની જરૂર પડી ત્યારે તેમણે તે માટે અમદાવાદના શેઠિયાઓ અને સમાજસુધારકોને આ વાત કરી. તેમણે દલપતરામને આમંત્રણ આપતા તેઓ અમદાવાદ પધાર્યા અને આ રીતે તેઓ ફાર્બ્સ દ્વારા ગુજરાત વિદ્યાસભાના સંપર્કમાં આવ્યા.

ત્યારબાદ તેઓ "સુધારાના કવિ" તરીકે પંકાયા. તેઓ સમાજસુધારા માટે ગુજરાતભરમાં ઘૂમતા, લોકશિક્ષણ આપતા અને તેની સાથે સાથે બુદ્ધિપ્રકાશમાં કાવ્યો, વાર્તાઓ અને નિબંધો પ્રસિદ્ધ કરતા.

આમ, દલપતરામે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપનાથી શરૂ કરીને તેમના મૃત્યુપર્યંત ગુજરાતી વિદ્યાસભાની પ્રામાણિકપણે સેવા કરી હતી.[2]

## 3. હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ ( 1882-1938) :

હીરાલાલ પારેખે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની તન-મન અને ધનથી સેવા કરી હતી. સાચા અર્થમાં તો તેઓ આ સંસ્થાના પ્રાણ સમાન હતા. તેઓ સુપ્રસિદ્ધ સમાજસુધારક , કેળવણીકાર, ઇતિહાસકાર, સાહિત્યકાર અને વિદ્વાન હતા. તેમનો જન્મ 27-4-1882 માં સુરતમાં થયો હતો અને અવસાન 20 જૂન, 1938 માં અમદાવાદમાં થયું હતું. તેઓ આનંદશંકર ધ્રુવ, કેશવ હ. ધ્રુવ અને ડાહ્યાભાઈ દેરાસરીના સંપર્કમાં આવ્યા. તે પછી ગુજરાતી સાહિત્ય તેમજ ઈતિહાસ પ્રત્યેના પ્રેમને

E-JOURNAL (HISTORY) SINCE 2019
E - ISSN : 2582-046X
Vol. 05, Issue 02, April - June, 2023
ISSN (Online) No. 2582 – 046 X Impact Factor SJIF 2021 : 4.022, Research bib 2022 : 6.010
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

કારણે, 1910 થી 1938 સુધી ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (હાલની ગુજરાત વિદ્યાસભા) ના આસિસ્ટન્ટ સેક્રેટરી તરીકે અને "બુદ્ધિપ્રકાશ" ના તંત્રી તરીકે તેમણે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા એ સંસ્થાને વિકસાવી.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ લખવાની એમની ઉત્કટ ઝંખનાને ત્રણ ભાગમાં લખીને પ્રગટ કરી. ગુજરાત વિદ્યાસભાએ હીરાલાલ પારેખની જન્મશતાબ્દી 1982-83 માં ઉજવી હતી. તે પ્રસંગને અનુરૂપ પ્રસંગ 'પ્રાસંગિક નોંધ' આપતા યશવંત શુક્લે 'બુદ્ધિપ્રકાશ' માં લખ્યું હતું:

ગુજરાત વિદ્યાસભા જ્યારે ગુજરાત વર્નાક્યુલર સોસાયટી હતી ત્યારે પુરા અઠ્ઠાવીસ વર્ષ સુધી એના સહાયક મંત્રી તરીકે નિષ્ઠાપૂર્વક સેવા આપનાર સંશોધક અને ઇતિહાસકાર સ્વ. હીરાલાલ ત્રિભુવનદાસ પારેખની જન્મશતાબ્દીનું આ વર્ષ હોઈને બુદ્ધિપ્રકાશના આ માસના અંક અમે વિવિધ વિદ્વાનોના એમની સેવાઓ બિરદાવતા લેખો સમાવ્યા છે. એમના સેવાકાળ દરમ્યાન વિદ્યાસભાના હોદ્દેદારનું નહીં, પણ સમગ્ર પરિવારનું હૃદય એમણે જીતી લીધું હતું. બુદ્ધિપ્રકાશ માસિકના સંપાદન દ્વારા એમણે યશસ્વી વિદ્યાકાર્ય કર્યું હતું અને અનેક વિદ્વાનોની ચાહના મેળવી હતી.

### 4. ગણેશ વાસુદેવ માવળંકર (1888-1956) :

'દાદાસાહેબ' ના હુલામણા નામથી ગુજરાત અને સમગ્ર હિંદમાં પ્રસિદ્ધ થયેલા દાદાસાહેબનું નામ ગણેશ વાસુદેવ માવલંકર હતું. દાદાસાહેબ માવલંકર બહુમુખી પ્રતિભા ધરાવનાર રાષ્ટ્રવાદી, રાજકારણી, કેળવણીકાર અને સમાજસુધારક હતા. તેઓ ગુજરાત વિદ્યાસભાના મોટા ગજાના ઘડવૈયા હતા. 27-12-1956 ના રોજ તેમનું અવસાન થયું ત્યારે બુદ્ધિપ્રકાશે ખાસ સ્મૃતિઅંક પ્રસિદ્ધ કર્યો. તેની પ્રાસંગિક નોંધમાં લખ્યું છે કે ગુજરાત વિદ્યાસભા સાથે તેમનો સંબંધ છેક 1913 થી બંધાયો હતો તેમાં ઉમેરવામાં આવ્યું છે:

"એક આપ્તજન તરીકે વિદ્યાસભામાં તેઓ આવતા-જતાં થયા ત્યારથી આજ સુધી તેમણે આ સંસ્થાને સતત પોતાની દ્રષ્ટિમાં રાખી, સાહિત્ય, શિક્ષણ અને સંસ્કારના અનેક નાના-મોટા કાર્યો કર્યા છે. અને આ સંસ્થાની અનેક મહત્વની પ્રવૃત્તિઓને વિકસાવી છે. ઈ.સ. 1942 માં તેઓ ગુ. વ. સોસાયટીના પ્રમુખ થયા ત્યારથી તો તેઓ આ સંસ્થાના પ્રાણ બની રહ્યા હતા. આ સંસ્થાની પ્રગતિ અને પ્રતિષ્ઠા અને એ દ્વારા જનતા અને સાહિત્યની સેવા એ તેમના ધ્રુવબિંદુઓ હતા. જે સંસ્કાર પ્રવૃત્તિની લોકજીવનમાં ખોટ જણાતી હોઈ તે શરૂ કરવાનું સાહસ કરવું અને એ પ્રવૃત્તિ ફૂલેફાલે તથા સુયોગ્ય હાથમાં સોંપાઈ જાય એટલે બીજી નવી પ્રવૃત્તિઓ ઉપાડવી એ વિદ્યાસભાની સ્થાપનાકાળથી આજસુધી ચાલી રહેલી પરંપરા એમના પ્રમુખપદ દરમિયાન ગૌરવપૂર્ણ રીતે અધિક વિકાસ પામી હતી; એટલું જ નહીં વ્યાપક અને સઘન બની હતી. જીવનના છેલ્લા શ્વાસ સુધી આ સંસ્થાના હિતની

Vol. 05, Issue 02, April - June, 2023
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X, Impact Factor SJIF 2021 : 4.022, Research bib 2022 : 6.010
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com
E-JOURNAL (HISTORY) SINCE 2019 E - ISSN : 2582-046X

અને ભાવિની ચિંતા પોતાના કુટુંબના હિત તથા ભાવિ કરતા પણ અધિક પ્રમાણમાં તેમણે કરી હતી. દાદાસાહેબ અત્યંત વ્યવહારકુશળ હતાં. ગાંધીજીની જેમ તેઓ પણ સંસ્થાઓને કેવી રીતે ચલાવવી તે જાણતા હતા.

ગુજરાતના જાણીતા ઇતિહાસકાર અને સાહિત્યકાર રસિકલાલ છોટાલાલ પરીખે દાદાસાહેબને ભવ્ય અંજલિ આપતા લખ્યું છે કે તેઓ 1921 માં તેમના પરિચયમાં આવ્યા હતા. ગૂજરાત વિદ્યાપીઠમાં જ્યારે રસિકલાલ પરીખ અધ્યાપક તરીકે જોડાયા તે સમયે દાદાસાહેબ ગુજરાત વિદ્યાસભામાં હિંદુ લૉ શીખવતા હતા. ત્યારપછી તો દાદાસાહેબ માવળંકર ના સમયમાં 1946માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનું "ગુજરાત વિદ્યાસભા" એમ નવું નામ પડ્યું અને ત્યારબાદ 1946-47 દરમિયાન ઉચ્ચ અભ્યાસ અને સંશોધન માટે 'ભોળાભાઈ જેશિંગભાઇ વિદ્યાભવન' ની સ્થાપના થઈ. તેની શરૂઆતથી જ તેના અધ્યક્ષ તરીકે રસિકલાલે સેવાઓ આપી હતી અને 1968માં તેમની નિવૃત્તિ બાદ હરિપ્રસાદ શાસ્ત્રી તેના અધ્યક્ષપદે નિમાયા હતા.

દાદાસાહેબ માવળંકર ભારતની લોકસભાના સૌ પ્રથમ સ્પીકર હતા. તેઓ સમગ્ર દેશના પ્રશ્નો સાથે ઓતપ્રોત થયા હોવા છતાં ગુજરાત વિદ્યાસભાની પોતાના કુટુંબીજનની જેમ વૃદ્ધિ કરતા હતા.[3]

## 5. મહાન પ્રાચ્યવિદ્યાવિદ્ સદ્‌ગત પ્રા. રસિકલાલ છો. પરીખ (1897-1982)

ગુજરાતની સમૃદ્ધ પ્રાચીન વિદ્યાપરંપરાના પ્રખર પંડિતવર્ય, ગાંધીયુગના મહાન દ્રષ્ટા અને સંસ્કૃતિચિંતક સદ્‌ગત પ્રા. રસિકલાલ છો. પરીખ એક અપ્રતિમ પ્રાચ્યવિદ્યાવિદ્ હતા. તેઓ સંસ્કૃતના વ્યુત્પન્ન પંડિત, પુરાવિદ્યાવિદ્‌ને દાર્શનિક તરીકે સુપરિચિત હતા. સાહિત્યના સર્જનાત્મક સ્વરૂપો અને પ્રાચ્યવિદ્યા ઉભય ક્ષેત્રોમાં તેમનું મૂલ્યવાન પ્રદાન રહ્યું છે.

પ્રા. રસિકલાલ પરીખનો જન્મ 20 ઓગસ્ટ, 1897માં પેથાપુર (ગાંધીનગર)માં થયો હતો. ઈ.સ. 1921માં વિદ્યાપીઠમાં પુરાતત્વ વિભાગની સ્થાપના થતા તેના અધ્યક્ષ મુનિશ્રી જિનવિજયજી અને મંત્રી રસિકભાઈ નિમાયા.

તેઓ ઈ.સ. 1938માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના સહાયક મંત્રી તરીકે જોડાયા અને ઈ.સ. 1941થી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના ઉચ્ચ અભ્યાસ અને સંશોધક વિભાગમાં નિયામક તરીકે નિમાયા. તેમના માર્ગદર્શન હેઠળ આઠ વિદ્યાર્થી સંસ્કૃતમાં, ચાર ભારતીય સંસ્કૃતિમાં અને એક અંગ્રેજીમાં પીએચ.ડી. થયા.

અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદનું અધિવેશન ઈ.સ. 1953માં અમદાવાદમાં ભરાયું ત્યારે તેના સ્થાનિક મંત્રી રસિકભાઈ હતા. ઇ.સ. 1960માં સાહિત્ય અકાદમી તરફથી તેમને

'શર્વિલક' નાટક માટે રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. ગુજરાત ઇતિહાસ પરિષદના ઈ.સ. 1966 થી 1968ના બે વર્ષ દરમિયાન તેઓ પ્રમુખ બન્યા હતા.

ઈ.સ. 1946 માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનું ગુજરાત વિદ્યાસભા એવું નામ પ્રયોજાયું ને પં. સુખલાલજીની ભલામણથી મુંબઈના શેઠ ભોળાભાઈ જેશિંગભાઇએ એના ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગના વિકાસ માટે રૂ. બે લાખનું દાન આપતા એ વિભાગ શેઠ ભો.જે. અધ્યયન -સંશોધન વિદ્યાભવન નામે સંસ્થારૂપે વિકસ્યો. ઇ.સ. 1968 પર્યંત રસિકભાઈએ તેના નિયામક તરીકે સેવાઓ આપી.

ઈ.સ. 1967-68 માં "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ" ની ગ્રંથમાળાનું કામ શરૂ થયું. પ્રા. રસિકભાઈ અને ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી એના મુખ્ય સંપાદક હતા. રસિકભાઈની હયાતિ દરમિયાન એના ગ્રંથ 1 થી 7 પ્રકાશિત થયા. (1972-1981) ઇ.સ. 1968માં રસિકભાઈ ભો.જે. ના નિયામક તરીકે નિવૃત્ત થયા અને એના માનાર્હ અધ્યાપક તરીકે સેવા આપતા રહ્યા.

ગુજરાત વિદ્યાસભાની વિદ્યાકીય પ્રવૃતિ રસિકભાઈની  સુદીર્ઘ અને સંનિષ્ઠ સેવાઓને આભારી છે. તેમના માર્ગદર્શન હેઠળ અનેક ઉચ્ચકોટિના વિદ્વાનો તૈયાર થયા છે. એ રીતે આ સૌજન્યશીલ સર્જક અને સંશોધકે હેમચંદ્રાચાર્યથી ચાલી આવતી વિદ્વત પરંપરાને ગુજરાતમાં જીવંત રાખી છે.

અમદાવાદની હ.કા. આર્ટ્સ કોલેજ, નટમંડળ અને નાટ્યવિદ્યામંદિરની સ્થાપનામાં રસિકભાઈનું મહત્વનું પ્રદાન રહ્યું છે. જીવનના અંત સુધી (1 નવેમ્બર, 1982ના રોજ તેમનું અવસાન થયું) ભો.જે. વિદ્યાભવનમાં પોતાની ઉમદા સેવાઓ આપી છે.

રસિકભાઈ માત્ર માર્ગદર્શક જ નહીં; પરંતુ જીવનનું પાથેય આપનાર અને ચેતનાને ઉદ્દીપ્ત કરી જ્ઞાનમય બનાવનાર કુશળ વિજ્ઞાતા હતા.[4]

## 6. પૂ. કે. કા. શાસ્ત્રી (1905-2006) :

'વિદ્યાવાચસ્પતિ', 'દધીચી સાક્ષર' તરીકે જાણીતા મહામહિમોપાધ્યાય કેશવરામ કાશીરામ શાસ્ત્રીનો જન્મ 28 જુલાઈ, 1905 માં સૌરાષ્ટ્રમાં માંગરોળ ખાતે થયો હતો. તેમના પિતા કાશીરામ કરશનજી શાસ્ત્રી પાઠશાળાના શિક્ષક હતા અને માતા દેવકીબહેન ધાર્મિક હતા. કે.કા. શાસ્ત્રીએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ માંગરોળમાં લીધું હતું. ઈ.સ. 1922માં મુંબઈ યુનિવર્સિટીમાંથી મેટ્રિક થયા હતા. પછી ઉચ્ચ શિક્ષણ લેવાનું બન્યું નહોતું. પરંતુ, બાળપણથી જ સંસ્કૃતના

અભ્યાસી, અભ્યાસ પ્રત્યેનો ઊંડો ખંત, વિષયનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છાને કારણે ઉત્તમ કોટિના અધ્યાપક, ભાષાવિદ્ અને ઇતિહાસકાર બની શક્યા હતા.

કેશવરામ કાશીરામ શાસ્ત્રી માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ સમગ્ર ભારતના વિદ્વાનોમાં જાણીતા વિદ્યાવાચસ્પતિ બહુવિધ પ્રતિભા ધરાવતા ઉચ્ચકોટિના વિદ્વાન હતા. તેમજ ગુજરાતી તથા સંસ્કૃત ભાષાના પ્રખર પંડિત હતા.[5]

ઈ.સ. 1925 થી માંગરોળમાં પોતે જે શાળામાં અભ્યાસ કર્યો હતો તે (કોરોનેશન હાઈસ્કૂલમાં) શાળામાં ઇ.સ. 1935 સુધી (11 વર્ષ) કાર્ય કરી નિવૃત્ત થયા હતા. ઈ.સ. 1936 માં માંગરોળથી અમદાવાદ આવીને "પ્રજાબંધુ" દૈનિકના મદદનીશ તંત્રી બન્યા. ઇ.સ. 1937 માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં ખંડ સમયના મદદનીશ તરીકે જોડાયા. ઈ.સ. 1939 થી એમ.એ. ના આધ્યાપક તરીકે અને ઇ.સ. 1943 થી ક્યુરેટર તરીકે પણ સેવા આપેલી. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં ઈ.સ. 1958 સુધી અધ્યાપન કાર્ય કર્યું. ઈ.સ. 1958 થી 1961 સુધી L.D. Institute of learning and Research માં રિસર્ચ પ્રોફેસર તરીકે કાર્ય કર્યું. સાથો-સાથ ઈ.સ. 1952 થી ભોળાભાઈ જેશિંગભાઇ વિદ્યાભવનમાં ગુજરાતીના અધ્યાપક તરીકે કાર્ય ચાલુ જ હતું. ઈ.સ. 1961 થી 1970 દરમિયાન તેઓ બી.ડી. આર્ટસ કોલેજમાં પણ અધ્યાપક તરીકે થોડો સમય રહ્યા હતા. ઇ.સ. 1938 ના વર્ષમાં ગુજરાત સાહિત્ય સભાના મંત્રી અને પ્રમુખ પણ બન્યા હતા.[6]

કે.કા. શાસ્ત્રીજીએ પોતાની કારકિર્દીની શરૂઆત એક શિક્ષકથી શરૂ કરી અને પીએચ.ડી. ના માર્ગદર્શક સુધીની સફરમાં તેમણે પોતાનું સંપૂર્ણ કામ નિષ્ઠાપૂર્વક કરવાની સાથે લેખનકાર્ય ચાલુ જ રાખ્યું હતું.

કે.કા. શાસ્ત્રીજી કોઈ યુનિવર્સિટીની માસ્ટર કે પીએચ.ડી. ની ડિગ્રી પણ ધરાવતા ન હતા કે સંશોધનની કોઈ પદ્ધતિસરની તાલીમ પણ લીધી ન હતી. છતાં પણ તેઓ એક મોટા ગજાના સાહિત્યકાર અને ઇતિહાસકાર રહ્યા. તેમાં તેમનો ઇતિહાસનો શોખ-અભિરુચિ, પોતાની તમામ શક્તિઓ વાંચન અને લેખન પાછળ ખર્ચવી, વિદ્વાન વડીલો અને મિત્રોનો સંગ મૂળ કારણભૂત ગણાવી શકાય.

સંશોધન એ શાસ્ત્રીજીનો પ્રિય વિષય છે. તેમણે 240 થી પણ વધુ ગ્રંથો લખ્યા છે તેમજ 1500 જેટલા સંશોધન લેખોમાં પ્રદાન આપ્યું છે.[7] એમાં 'વલ્લભાચાર્યજીનું જીવનચરિત્ર અને પુષ્ટિમાર્ગમાં તેમનો ફાળો', 'સંશોધનના માર્ગે', 'સૌરાષ્ટ્રની ઐતિહાસિક નગરીઓ-1 : માંગરોળ અને સોરઠ' (1967), 'ધુમલી : રાજકીય અને સંસ્કૃતિક' (1982), 'ઇતિહાસની આરસી' મહત્વના છે.[8]

પૂ. કે.કા. શાસ્ત્રીએ વિપુલ પ્રમાણમાં ઐતિહાસિક સંશોધન કર્યું છે. તેમણે ભારત અને ગુજરાતના સાંસ્કૃતિક અને રાજકીય ઇતિહાસને સમજવાનો પ્રયાસ કર્યો છે. મહામહિમોપાધ્યાય કે.કા. શાસ્ત્રીની મુખ્ય ઓળખાણ સાહિત્ય સંશોધક તરીકેની છે. તેની સાથે ઇતિહાસ સંશોધનમાં પણ એટલું જ વ્યાપક ખેડાણ કર્યું છે.

કે.કા. શાસ્ત્રીને ઈ.સ. 1952 માં રણજિતરામ સુવર્ણચંદ્રક, ઈ.સ. 1966 માં "વિદ્યાવાચસ્પતિ" તેમજ ઈ.સ. 1976 માં 'પદ્મશ્રી' એવોર્ડથી સમ્માનિત કરવામાં આવ્યા હતા.[9]

101 માં વર્ષે પણ તેમની યાદશક્તિ ટકોરાબધ્ધ હતી. તેમના આ સુસ્વાસ્થ્ય અંગે તેમને અવારનવાર એક પ્રશ્ન થતો કે 'આપની તંદુરસ્તીનું રહસ્ય શું?' શાસ્ત્રીજી સૌને એક જ જવાબ આપતા : 'કમ ખા , ગમ ખા :' સાદો અને હળવો ખોરાક જ એમને પસંદ હતો. ટૂંકમાં, કે.કા. શાસ્ત્રી જેમની સામે આદરથી માથું નમી જાય તેવા ઊંચા ગજાના ઇતિહાસકાર હતા.[10]

### 7. ડૉ. હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી (1919-2014) :

ગુજરાતના ખાસ કરીને અમદાવાદના વિદ્યા-વર્તુળમાં જે વિવિધ તેજસ્વી તારલા ઝબૂકે છે તેમાંના એક હતા પ્રા. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી.

ઇતિહાસકાર, સંસ્કૃતજ્ઞ, પ્રાચીન લિપિવિદ, અભિલેખવિદ એમ બહુમુખી પ્રતિભા ધરાવનાર ડૉ. હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રીનો જન્મ 17 ઓક્ટોબર, 1919 ના રોજ ખેડા જિલ્લાના મલાતજ ગામે સાઠોદરા નાગર જ્ઞાતિમાં થયો હતો.

ભદ્રમાં પ્રેમાભાઈ હોલના મકાનમાં ગુ.વ. સોસાયટીનું કાર્યાલય હતું. ઈ.સ. 1939-40 માં ત્યાં ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ શરૂ થયો હતો. પરંતુ એનું ઔપચારિક ઉદ્‌ઘાટન 1940-41 દરમ્યાન સર સર્વપલ્લી રાધાકૃષ્ણનના વરદ હસ્તે યોજાયું. આ વિભાગના માનદ નિયામક આચાર્ય આનંદશંકર ધ્રુવ હતા; એનું પૂર્ણ સમયનું સંચાલન પ્રો. રસિકલાલ પરીખ કરતા. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી ત્યારે અનુસ્નાતક શિક્ષણ મેળવવા આ સંસ્થામાં જોડાયા. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીની તેમના પીએચ.ડી. ના સંશોધનકાળ દરમ્યાન ઈ.સ. 1945-46 ના શૈક્ષણિક વર્ષના આરંભમાં ગુ. વ. સોસાયટીના ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગમાં ડૉ. શાસ્ત્રી ની અધ્યાપક તરીકે નિમણૂક થઈ હતી.

ગુ.વ. સોસાયટીનું ગ્રંથાલય ગુજરાતનું એક પ્રાચીન સમૃદ્ધ ગ્રંથાલય હતું. એના ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ માટે સંસ્કૃત, ઇતિહાસ, સંસ્કૃતિ અને પુરાતત્વને લગતા પુસ્તકો અને સામયિકોની સંખ્યા પ્રતિવર્ષ વધતી રહેતી.

ઈ.સ. 1946 માં ગુ.વ. સોસાયટીને એના અનુસ્નાતક વિભાગના વિકાસ માટે મુંબઈના શેઠ ભોળાભાઈ જેશિંગભાઇ તરફથી બે લાખ રૂપિયાનું દાન મળ્યું ને એના ઉચ્ચ અભ્યાસ અને સંશોધન

Vol. 05, Issue 02, April - June, 2023
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X Impact Factor SJIF 2021 : 4.022, Research bib 2022 : 6.010
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com
E-JOURNAL (HISTORY) SINCE 2019 E - ISSN : 2582-046X

વિભાગને 'શેઠ ભોળાભાઈ જેશિંગભાઇ અધ્યયન-સંશોધન વિદ્યાભવન' નામે સંસ્થાનો સ્વતંત્ર દરજ્જો મળ્યો. તેથી આ સંસ્થા ભો.જે. વિદ્યાભવન તરીકે ઓળખાય છે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને પણ એ જ વર્ષે 'ગુજરાત વિદ્યાસભા' એવુ નામ અપાયું. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી એમ.એ. નો અભ્યાસ કરતા ત્યારથી તેઓ ગુજરાત વિદ્યાસભાના આજીવન સભ્ય રહ્યા હતા અને તેની કારોબારી સમિતિમાં પણ સભ્ય તરીકે રહ્યા હતા.

ઇતિહાસલેખનના ક્ષેત્રે એક સાચા સંશોધક તરીકે ગુજરાતના પ્રાચીનકાલના સંશોધન અને લેખનનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરતા ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીની પ્રતિભા એક સાચા સંશોધક તરીકે ઉપસે છે.

આમ, ડૉ. હરીપ્રસાદ શાસ્ત્રી એક તટસ્થ અને સૂક્ષ્મદર્શી ઇતિહાસકાર, સંસ્કૃતિવિદ, અભિલેખવિદ્યાના બહુશ્રુત વિદ્વાન અને સંસ્કૃત ભાષા અને સાહિત્યના તજજ્ઞ હતા.[11]

## 8. ડૉ. ભારતીબહેન શેલત (1939-2018) :

ઉચ્ચકોટિના સંશોધક અને અધ્યાપકની બેવડી ભૂમિકા ભજવનાર ડૉ. ભારતીબહેન કીર્તિકુમાર શેલતનો જન્મ 3 જુલાઈ, 1939 ના રોજ મહેસાણા મુકામે થયો હતો. ડૉ. ભારતીબહેન શેલતે ખાસ કરીને સંસ્કૃત ભાષા અને સાહિત્ય, ભારતીય અભિલેખવિદ્યા, ભારતીય પ્રાચીન સિક્કાશાસ્ત્ર, હસ્તપ્રતવિદ્યા, પ્રાચીન લિપિવિદ્યા જેવા વિષયોમાં સંશોધન કાર્ય કર્યું છે.

ડૉ. ભારતીબહેન શેલતે ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ તેમજ ગુજરાત યુનિવર્સિટીમાં અધ્યાપન કાર્ય કર્યું છે. તેમજ તેઓ ભો.જે. વિદ્યાભવનમાં ઈ.સ. 1997 થી 2005 સુધી નિયામક તરીકેની કામગીરી પણ સંભાળી હતી. ગુજરાત વિદ્યાસભા દ્વારા ડૉ. ભારતીબહેન શેલતને ઈ.સ. 2015 નો 'ડૉ. મુગટલાલ બાવીસી ' સુવર્ણચંદ્રક એનાયત થયો હતો.

ડૉ. ભારતીબહેન શેલતે પોતાની કારકિર્દીના ઘડતર અને જીવનઘડતરની સાથે વિભિન્ન વિષયોમાં લેખનકાર્ય કર્યું છે. તેઓ પણ ગુજરાત વિદ્યાસભાના સભ્ય તરીકે રહ્યા હતા અને ગુજરાત વિદ્યાસભાની કારોબારી સમિતિના કાર્યકર તરીકેની ભૂમિકા પણ ભજવી હતી.[12]

## મૂલ્યાંકન :

આમ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી અને તેના સ્થાપકો બહુમુખી પ્રતિભા ધરાવતા હતા, તેથી જ આ સંસ્થાએ સમાજ સુધારણાના તમામ પાસાઓને આવરી લઈને સમગ્ર ગુજરાતની પ્રજાનો સર્વાંગી વિકાસ કર્યો હતો. શિક્ષણ, સાહિત્ય, કન્યા કેળવણી, વિદેશગમન, દૂધપીતીનો કુરિવાજ, બાળલગ્ન, વિધવાવિવાહ તેમજ તેમના ઉપરના સામાજિક અંકુશો, અંધશ્રદ્ધા, વહેમો જેવા તમામ ક્ષેત્રોમાં 'ગુજરાત વિદ્યાસભા' એ યશસ્વી કામ કર્યું હતું. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના

E-JOURNAL (HISTORY) SINCE 2019
E - ISSN : 2582-046X
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X Impact Factor SJIF 2021 : 4.022, Research bib 2022 : 6.010
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

બાદ આ સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહી હતી. આમ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી નો ઇતિહાસ સાચા અર્થમાં તો ગુજરાતના શૈક્ષણિક, સામાજિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક વિકાસનો ઇતિહાસ છે.

આવી મહાન સંસ્થાનું ગઠન અને અવતરણ કયા સંજોગોમાં અને કેવી રીતે થયું હશે? એવો પ્રશ્ન થાય તે સાહજિક જણાય. આમ, દરેક ક્ષેત્રમાં સમાજસુધારાની જો કોઈ આદ્ય સંસ્થા હોય તો તે 1848 માં સ્થપાયેલી ગુજરાત વર્નાક્યુલર સોસાયટી જ હતી.

## સંદર્ભસૂચિ :

1. https://gujarativishwakosh.org.in
2. મૌર્ય, વંદના, "ગુજરાત વિદ્યાસભા" (1848-1948) એક સદીની વિકાસયાત્રા, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, 2012, પૃ. 122-129
3. એજન, પૃ. 141- 146
4. શેલત, ભારતી,' મહાન પ્રાચ્યવિદ્યાવિદ સદગત પ્રા. રસિકલાલ છો. પરીખ', "ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક", પુ. 64 ,જુલાઈ-ડિસેમ્બર, 2019, અંક 3-4, પૃ. 15-17
5. શેલત, ભારતી, "સંશોધન સંપાદન: કેશવરામ કાશીરામ બાંભણિયા", 'ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક ',જુલાઈ-ડિસેમ્બર, 2011, અંક 3-4, પૃ. 27-28
6. રાવલ, પ્રફુલ્લ, "વિદ્યાવાચસ્પતિ કેશવરામ કાશીરામ શાસ્ત્રીની ચીરવિદાય", બ્રહ્મર્ષિ કે.કા. શાસ્ત્રીજી, સ્મરણગ્રંથ- 2, (શ્રદ્ધાંજલિ વિશેષાંક), અમદાવાદ, 2018, પૃ. 40-41
7. શેલત, ભારતી, "વિદ્યાપુરુષ કે.કા.શાસ્ત્રીજી: વિરલ અને અપ્રતિમ સંપાદક",બ્રહ્મર્ષિ કે.કા. શાસ્ત્રી શતાયુરભિનંદન ગ્રંથ, ભો.જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, પૃ. 119-121
8. હેતલ, વાઘેલા, "ગુજરાતના ઇતિહાસ અને સંસ્કૃતિના ક્ષેત્રના સંશોધનમાં ડૉ. ભારતીબહેન શેલતનું પ્રદાન ", ઇતિહાસ વિષયમાં પદવી માટે ગુજરાત યુનિવર્સિટીમાં રજૂ કરવામાં આવેલ લઘુશોધનિબંધ, અમદાવાદ,જુલાઈ, 2017, પૃ. 282
9. શેલત, ભારતી, "સંશોધન સંપાદનઃ કેશવરામ કાશીરામ બાંભણિયા", ઉપર્યુક્ત, પૃ. 28-30
10. મહેતા, કૌશિક, "વિશ્વ હિન્દુ પરિષદ અને શાસ્ત્રીજી", કે.કા.શાસ્ત્રીજી, સ્મરણગ્રંથ-2, અમદાવાદ, 2018, પૃ.77-78

11. શાસ્ત્રી, હરિપ્રસાદ ગં.,"શાસ્ત્રી કુટુંબની યશોગાથા" (ગઈકાલ,આજ અને આવતીકાલ), અમદાવાદ, 2013, પૃ. 24-30
12. હેતલ, વાઘેલા, 'ગુજરાતના ઇતિહાસલેખનમાં ડૉ. ભારતીબહેન શેલતનું પ્રદાન', "ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક", જુલાઈ, 2017, અંક 3-4, પૃ. 4-5